## પ્રમુખશ્રીનો સંદેશ

સ્નેહી સભ્યમિત્રો, તા. ૦૨.૦૯.૨૦૧૫

આપણી ક્લબની ૭૫મી વાર્ષિક સામાન્ય સભામાં આવેલ આપ સહુનું સહર્ષ સ્વાગત કરું છું.

નાણાકીય વર્ષ ૨૦૧૪-૨૦૧૫નો ક્લબનો વાર્ષિક અહેવાલ કારોબારી સમિતિ વતી આપની સમક્ષ રજૂ કરતાં હું ગર્વ અને આનંદની લાગણી અનુભવું છું.

| ૧. **આર્થિક પરિણામો** | **૩૧.૦૩.૨૦૧૫ ના વર્ષાન્તે** | **૩૧.૦૩.૨૦૧૪ના વર્ષાન્તે** |
|---|---|---|
| | **રૂ.** | **રૂ.** |
| આવક | ૩,૮૨,૮૮,૫૮૯ | ૩,૧૯,૧૭,૨૨૦ |
| જાવક | ૧,૯૧,૧૦,૭૪૯ | ૨,૦૦,૪૩,૨૨૭ |
| કરવેરા પહેલાંનો નફો | ૧,૯૧,૭૭,૮૪૦ | ૧,૧૮,૭૩,૯૯૩ |
| કરવેરા પછીનો નફો | ૧ ૭૫,૩૭,૭૯૧ | ૯૬,૪૩,૩૮૩ |

ગયા વર્ષના ક્લબની આવકના આંકડાઓને આ વર્ષના આંકડાઓ સાથે સરખાવતા એ જોઈ શકાય છે કે આપણી ક્લબ દિન પ્રતિ દિન પ્રગતિના સોપાન ચડતી રહી છે.

ક્લબના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે ગત વર્ષ દરમિયાન આયોજિત એક એકથી ચઢિયાતા સાંસ્કૃતિક કાર્યક્રમો આપણે સહુએ મન ભરીને માણ્યા.

વર્ષ દરમિયાન ક્લબના નૂતનીકરણ તથા મરામતના પ્રથમ તબક્કામાં આપણે ક્લબના વૃન્દાવન રૂફ ગાર્ડન અને તોરણ હૉલનું સંપૂર્ણ આધુનિકરણ વિક્રમ સમયમાં પૂરું કરી સેવાન્વિત કરેલ છે.

મને જણાવતાં ખુશી થાય છે કે સ્વિમિંગ પૂલ તથા અન્ય યોજના માટે આપણે રજૂ કરેલ PLANS ને મુંબઈ મહાનગરપાલિકાની મંજૂરી મળી ગયેલ છે. હવે આખરી મંજૂરી રૂપે C.C. મેળવવાનું બાકી છે. થોડા સમયમાં જ C.C. મળી જાય તે પછી તરત જ પ્લાન મુજબ નૂતનીકરણ તથા મરામતને લગતું કામકાજ અને તે અંગેની પ્રાથમિક તૈયારી તાત્કાલિક ચાલુ કરી દેવામાં આવશે. તેમજ ટૂંક સમયમાં નવા સભ્યો લેવા માટેની સૂચનાઓ આપણે મોકલવામાં આવશે.

૨. **પ્રવૃત્તિ** : ક્લબના સભ્યોને ક્લબના અમૃત મહોત્સવ નિમિત્તે વર્ષ ૨૦૧૫ દરમિયાન સંપૂર્ણ હેલ્થ ક્લબ સુવિધા તદ્દન નિઃશુલ્ક આપવાનું જાહેર કરેલ છે તેમજ તેમના જીવનસાથીને હેલ્થક્લબનો લાભ ત્રણ મહિના તદ્દન નિઃશુલ્ક આપવાની યોજના આ વર્ષે પણ ચાલુ રાખવામાં આવેલ છે.

૩. **કર્મચારીઓની વિગત** : કંપની ધારાના પરિચ્છેદ ૨૧૯ (૨એએ)ની જોગવાઈ હેઠળ માન્ય કરેલ માર્યાદાથી વધુ કોઈ કર્મચારીને પગાર આપવામાં આવેલ નથી.

**આભાર** : અમે ક્લબના પદાધિકારીઓ અને કારોબારી સમિતિના સભ્યો ક્લબના સભ્યોનો, ક્લબમાં ઉપલબ્ધ વિવિધ સેવાઓનો લાભ લઈ રહેલ જાહેર જનતાનો તેમણે આપેલ અમૂલ્ય સહકાર બદલ તથા ક્લબના કર્મચારીઓનો તેમની કર્તવ્ય નિષ્ઠા, કામની ધગશ અને સહકાર બદલ આભાર માનીએ છીએ.

લિ.

**ચંપકલાલ બી. ગંગર**

પ્રમુખ